# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI


Ref No. PN 2025-26/100 Dt. 15/08/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા દેશની આઝાદીના ૭૯મા સ્વતંત્રતા પર્વની હર્ષોલ્લાસ સાથે ઉજવણી

**ભારતને વિશ્વની ત્રીજી મહાસત્તા બનાવવાની છે અને એના માટે દરેકે આર્થિક સૈનિક બનીને સિંહફાળો આપવાનો છે, હવે નવા સીમાચિહ્નો સર કરવાના છે : ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી**

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આજે દેશની આઝાદીના ૭૯મા સ્વતંત્રતા દિવસના પર્વે સંહતિ, સરસાણા ખાતે ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા ખૂબ જ ધામધુમથી અને હર્ષોલ્લાસ સાથે સ્વતંત્રતા પર્વની ઉજવણી કરવામાં આવી હતી. ચેમ્બર પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ ધ્વજવંદન સમારોહમાં ઉપસ્થિત સર્વેને સ્વતંત્રતા પર્વની શુભેચ્છા પાઠવી હતી તથા દેશની આઝાદી માટે શહીદ થયેલા વીર જવાનો તેમજ વીરાંગનાઓને નતમસ્તક વંદન કર્યુ હતું.

ચેમ્બરના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજે આપણે આખા વિશ્વમાં વેપાર કરતા થયા એ આઝાદી છે. અમેરિકી રાષ્ટ્રપતિએ ભારત પર લાદેલા ટેરીફનો જડબાતોડ જવાબ આપણે આપીશું. ભારતની તરફ નજર ઉઠાવનારના ઘરમાં ઘુસીને તેઓને મારીશું એવી દેશદાઝ જગાડવાની ભાવનાથી ધ્વજવંદન સમારોહ યોજાયો હતો. આ પ્રસંગે પ્રભાત ફેરીની સાથે સાથે બાઇક રેલી પણ કાઢવામાં આવી હતી. તેમણે કહયું હતું કે, ભારતને વિશ્વની ત્રીજી મહાસત્તા બનાવવાની છે અને એના માટે દરેકે આર્થિક સૈનિક બનીને

સિંહફાળો આપવાનો છે. હવે નવા સીમાચિહ્નો સર કરવાના છે. એક દિવસ પહેલાં જ ગુજરાતના ઉદ્યોગ મંત્રીએ ટેક્ષ્ટાઇલ પોલિસીની ગાઇડ લાઇન જાહેર કરી ટેક્ષ્ટાઇલ ઉદ્યોગને આર્થિક સલામતિ આપી છે, એના માટે તેમણે ગુજરાત સરકારનો આભાર માન્યો હતો.

તેમણે જણાવ્યું હતું કે, આજે સવારે લાલ કિલ્લા પરથી માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ રાષ્ટ્રજોગ સંબોધન કરતા કહયું હતું કે તેઓ નેકસ્ટ જનરેશન જીએસટી રિફોર્મ્સ લાવી રહયા છે અને દિવાળી સુધીમાં એની ભેટ દેશવાસીઓને આપશે. સામાન્ય વ્યકિતઓની જરૂરિયાતના ટેક્ષ મોટી માત્રામાં ઘટાડવામાં આવશે અને લોકોની સુવિધાઓ વધશે. એમએસએમઇ ઉદ્યોગકારોને જીએસટી રિફોર્મ્સનો મોટો લાભ મળશે અને તેને કારણે દેશની ઇકોનોમીને બળ મળશે. ચેમ્બર પ્રમુખે વડાપ્રધાનશ્રીના નેકસ્ટ જનરેશન જીએસટી રિફોર્મ્સને આવકાર્યું હતું.

ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલાએ દેશને આઝાદી અપાવવા પ્રાણોની આહૂતિ આપનારા શહીદ જવાનોનો આભાર માની તેઓને વંદન કર્યું હતું.

ચેમ્બરના માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલાએ ધ્વજવંદન સમારોહનું સમગ્ર સંચાલન કર્યું હતું. ચેમ્બરના તત્કાલિન પૂર્વ પ્રમુખ શ્રી વિજય મેવાવાલા, માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી, પૂર્વ પ્રમુખશ્રીઓ, ગૃપ ચેરમેનો, મેનેજિંગ કમિટીના સભ્યો તેમજ સ્ટાફ કર્મચારીઓએ સ્વતંત્રતા પર્વની ઉજવણી કરી હતી.